# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-03-2024** **Midday : 2.20 to 2.35pm**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર સંસ્કૃતિ ભૂંડિયા વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## election

રાજયમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થતાં આદર્શ આચારસંહિતા અમલી બની છે. જે અંતર્ગત રાજયભરમાં પ્રચારાત્મક સામગ્રીઓ હટાવવાની કામગીરી શરૂ કરાઇ છે.

અમારા મહેસાણાના પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે, મહેસાણા શહેર અને ગ્રામ્ય વિસ્તારો માંથી 746 ભીત ચિત્રો, 305 પોસ્ટર, 139 બેનર તેમજ ખાનગી મિલકતો ઉપર થી 439 ભીતચિત્રો, 153 પોસ્ટર, 64 બેનર મળીને કુલ 2 હજાર 169 જેટલી સામગ્રી હટાવાઈ છે.

અમારા છોટાઉદેપુરના પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, ચૂંટણીતંત્ર દ્વારા જીલ્લાની સરકારી અને ખાનગી મિલકતો ઉપરની પ્રચારાત્મક સામગ્રી દૂર કરવાની કામગીરી શરૂ કરાઇ છે.

## Gun firing

ભરૂચ જીલ્લાના હાંસોટ ગામે આચારસંહિતાના પગલે બંદૂક જમા કરાવવા ગયેલા બે વ્યક્તિને અકસ્માતે ગોળી વાગતાં ઇજાગ્રસ્ત થયાં છે. અમારા ભરૂચના પ્રતિનિધિ વાહીદ મશહદીના જણાવ્યા પ્રમાણે રાજયમાં આચારસંહિતા લાગુ થતાં બંદૂક જમા કરાવવા ગયેલા બે વ્યક્તિઓને બંદૂકમાંથી ગોળી કાઢતી વખતે અચાનક આ દુર્ઘટના સર્જાઇ હતી. બંનેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા છે.

## GU-Arrest

અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં વિદેશી વિદ્યાર્થીઓ પર થયેલા હુમલાના કેસમાં આજે અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ પોલીસ દ્વારા ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરાઇ છે. ગઈકાલે બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી

હતી. સમગ્ર બનાવ દરમિયાન બે દિવસમાં કુલ પાંચ આરોપીઓને પોલીસે પકડી પાડ્યા છે.

## Bhangoria Hat

છોટાઉદેપુર અને મધ્યપ્રદેશની સરહદને અડીને આવેલા રાજયના વિસ્તારોમાં આજથી ભંગોરિયા હાટની શરૂઆત થઇ છે.

અમારા છોટાઉદેપુરના પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, એક સપ્તાહ સુધી ચાલનારા આ હાટમાં અહીંના આદિવાસીઓ હોળીના તહેવાર માટેની જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા ઉમટી પડે છે. આ સાથે પરંપરાગત વસ્ત્રો અને આભૂષણો પહેરીને આદિવાસી વાજિંત્રોના તાલે નાચીકૂદીને ભંગોરિયા હાટનો આનંદ માણે છે.

## Train accident

અજમેરના મદાર સ્ટેશન નજીક ગઇકાલે રાત્રે સુપરફાસ્ટ સાબરમતી-આગ્રા કેન્ટ એક્સપ્રેસ ટ્રેનના એન્જિન અને ચાર ડબ્બા ખડી પડ્યા હતા. જો કે, આ દુર્ઘટનામાં જાનહાનિના કોઇ અહેવાલ નથી. દુર્ઘટના બાદ છ ટ્રેનો રદ કરવામાં આવી છે અને બેના રૂટ બદલવામાં આવ્યા છે. અકસ્માતના કારણ વિશે હજુ સુધી માહિતી સામે આવી નથી.

## NTA EXAM

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી - NTA દ્વારા અગાઉ જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ 15 મે થી 31 મે વચ્ચે કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં સ્નાતક અભ્યાસક્રમો માટેની પરીક્ષા યોજાશે.

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના અધ્યક્ષ એમ જગદીશ કુમારે સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું છે કે રજિસ્ટર્ડ વિદ્યાર્થીઓની સંખ્યા અને તેમનું ભૌગોલિક સ્થાન અરજીની છેલ્લી તારીખ 26 માર્ચ પછી જાણી શકાશે.

તેમણે કહ્યું કે NTA આ માહિતી અને મતદાનની તારીખોના આધારે 15 મે અને 31 મે વચ્ચે પરીક્ષાની તારીખો નક્કી કરશે.

## Accident - Surendrnagar

સુરેન્દ્રનગર જિલ્લાના માલવણ હાઇવે ઉપર મોડી રાત્રે કાર અને ડમ્પર વચ્ચે અકસ્માત થતાં ત્રણ વ્યક્તિના મોત થયા છે. અમારા સુરેન્દ્રનગર જિલ્લાના પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે, માલવણ અમદાવાદ હાઈવે ઉપર સીએનજી પમ્પ પાસે કાર અને ડમ્પર અથડાતાં આ અકસ્માત થયો હતો. બજાણા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## Mahesana - vavetar

મહેસાણા જિલ્લાની 42 હજાર 697 હેકટર જમીનમાં અત્યાર સુધી માં 24 હજાર 043 હેકટરમાં ઉનાળુ પાકનું વાવેતર થઈ ગયું છે. આ સાથે જિલ્લા માં બાગાયતી પાકો માં 21 હેકટર માં તરબુચ અને 10 હેકટર માં અન્ય ફળ પાકોનું વાવેતર થયું છે. જિલ્લા માં 56 ટકા ઉનાળુ પાકો નું વાવેતર થયું છે. જિલ્લા ના 10 તાલુકા માંથી કડી, જોટાણા  અને બહુચરાજી તાલુકા માં 85 ટકા વાવેતર થઈ ગયુ છે. ઘાસચારા નું વાવેતર 13 હજાર 544 હેકટરમાં, બાજરી નું 6 હજાર 380 હેકટરમાં, શાકભાજી નું 2 હજાર 372, મગફળી નું 1 હજાર 259 હેકટરમાં, તલ નું 250 હેકટરમાં, ડાંગર નું 157 હેકટર માં વાવેતર થયેલ છે.

## World Sparrow Day Celebration

ભાવનગર જિલ્લામાં ભારત સ્કાઉટ ગાઈડ સંઘ અને શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન સંયુક્ત ઉપક્રમે આગામી 20 માર્ચ બુધવારના રોજ ત્રિવિધ કાર્યક્રમો દ્વારા વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરશે. આ કાર્યક્રમ સર્વ મિત્ર કે.આર દોશી ટ્રસ્ટના

સહયોગથી યોજવામાં આવશે. કાર્યક્રમમાં સ્કાઉટ ગાઈડ ના વિદ્યાર્થીઓ માટે નકામા બોક્સમાંથી ચકલીઓના માળા બનાવવાનો વર્કશોપ યોજાશે અને વર્કશોપ માં ભાગ લેનારને પાણીના કુંડા અને ફીડર ડીશ આપવામાં આવશે.

## Fisharies Training

ભરૂચના જન શિક્ષણ સંસ્થાન દ્વારા ભરૂચ તાલુકાના ઝનોર અને આસપાસનાં ગામોનાં માછીમાર યુવકો માટે મત્સય ઉદ્યોગ અંગેની વિશેષ તાલીમની શરૂઆત કરવામાં આવી છે. માછીમાર યુવકો માછીમારીને લગતા ઉત્પાદનોની જાણકારી મેળવી તેમની રોજગારીની તકો વધારી શકાય તે હેતુથી આ તાલીમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે તાલિમનો હેતુ અને ઉપયોગીતા વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ તાલીમ કાર્યક્રમ માટે ગીર સોમનાથથી વિશેષ ટ્રેનર શ્રીમતી દુર્ગાબેન ફોફંડીને આમંત્રિત કરાયા હતા.